જમ્મુના ટેક્ષીચાલકો લાલઘુમઃ શ્રીનગર પાસીંગની મોટરોની વાહનોની તોડફોડ શરૂ કરી

રાજકોટ : લેહ-લડાખની મુલાકાતે ગયેલ સંઘના એક સમયના વરિષ્ઠ અગ્રણી શ્રી શરદભાઈ વોરાએ ત્યાંના ટેક્ષી ચાલકોના હવાલાથી અકિલાને જણાવ્યુ છે કે, હાલની સ્થિતિમાં જમ્મુની ટેક્ષી, ટ્રકો, વાહનો બહાર જઈ શકતા નથી. ટેકસી, ટ્રાવેલ, ટ્રાન્સપોર્ટના ધંધા તૂટી ગયા છે એટલે જમ્મુના સ્થાનિકોએ જમ્મુમાં જે જે વાહનો શ્રીનગર પાસીંગના છે તેની તોડફોડ શરૂ કરી છે. ટેકસી ચાલકોના હવાલાથી આ વિગતો મળી છે. વિશેષ વિગતો મેળવાઈ રહી છે. ભારે રોષ પ્રવર્તતો હોવાની વાતો બહાર આવી છે

ઇજનેરી કોલેજીસના અધ્યાપકોની રાષ્ટ્રીયસ્તરની ઓનલાઇન રોબોટીકસ સ્પર્ધામાં પ્રથમ

રોબોટીકસ ચેલેન્જમાં આત્મીય કોલેજે મેદાન માર્યુ

માત્ર ૩૯ સેકન્ડમાં સ્પર્ધા જીતી લીધીઃ સૌરાષ્ટ્રભરમાંથી એક માત્ર કોલેજની સિદ્ધિઃ ૧૪૭ અધ્યાપકોએ ભાગ લીધો હતો

રાજકોટ તા.૧૧ :આઈઆઈટી-મુંબઈ દ્વારા ઇજનેરી કોલેજીસના અધ્યાપકો માટે યોજાયેલ રાષ્ટ્રીય સ્તરની ઓનલાઈન રોબોટીકસ સ્પર્ધામાં રાજકોટની આત્મીય ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સના અધ્યાપકોની ટીમે પ્રથમ સ્થાને રહીને એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. આ ટીમમાં ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશન વિભાગના અધ્યક્ષ પ્રો.આશિષ કોઠારીના નેતૃત્વમાં તે જ વિભાગના અધ્યાપક પ્રો.તુષાર મહેતા, ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગના અધ્યાપકો પ્રો.નીતિન આદ્રોજા અને ધવલ રાવલનો સમાવેશ થતો હતો.

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયે ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી દ્વારા નેશનલ મિશન ઓન એજયુકેશન અંતર્ગત ઈ-યંત્ર યોજના અપનાવી છે. જેમાં રોજબરોજની વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ માટે દેશના વિવિધ ક્ષેત્રના ટેકનોક્રેટસને આહવાન કરવામાં આવે છે. આઈઆઈટી-મુંબઈ દ્વારા ઈ-યંત્ર પ્રણાલી અંતર્ગત ટેકનોલોજીની કોલેજીસના અધ્યાપકો માટે ટાસ્ક બેઝડ ટ્રેનીંગ (ટીબીટી) પ્રોગ્રામ હેઠળ તા.૧૭ એપ્રિલથી ૫ જુન દરમિયાન ઓનલાઈન ચેલેન્જ આપવામાં આવી હતી. આ વર્ષે અધ્યાપકોને પાર્કીંગ સિસ્ટમ માટે રોબોટીકસ પ્રોગ્રામ બનાવીને નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાની ચેલેન્જ આપવામાં આવી હતી. આ વર્ષે સાડત્રીસ ઈજનેરી કોલેજીસના એકસો સુડતાલીસ અધ્યાપકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આત્મીય કોલેજની ટીમે પ્રોગ્રામીંગ અને કોમ્પોનન્ટ સિલેકશનમાં ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે નિયત સમયમાં આ ચેલેન્જ સોલ્વ કરીને અપલોડ કરી હતી. તાજેતરમાં આ ચેલેન્જનું પરિણામ જાહેર થતા આત્મીય કોલેજની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

ટીમ લીડર અને ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન વિભાગના વડા ડો. આશિષ કોઠારીએ આ સિદ્ધિ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યુ હતુ કે, આત્મીય કોલેજના ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન વિભાગમાં આઈ.આઈ.ટી.-મુંબઈ દ્વારા પ્રમાણિત સૌરાષ્ટ્રની સર્વપ્રથમ અને એક માત્ર સેન્ટર ઓફ એકસસલેન્સ ઈન એમ્બેડડેડ સિસ્ટમ્સ એન્ડ રોબોટિકસની અદ્યતન લેબોરેટરી છે કે જેમા વિદ્યાર્થીઓને રોબોટિકસ વિષય પર અવનવા ડેવલપમેન્ટ કરવાની તક મળે છે. આ શૈક્ષણિક સુવિધાને કારણે જ ચેલેન્જ સ્વીકારીને સફળતા મેળવી શકયા છીએ. આવી સુવિધા ઉભી કરવા માટે તેમણે મેનેજમેન્ટ પરત્વે આભારની લાગણી વ્યકત કરી હતી.

આત્મીયના અધ્યાપકોની સફળતા અંગે હર્ષની લાગણી વ્યકત કરતા પૂ. ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યુ છે કે, લોકોપયોગી સંશોધનમાં રત રહીને આ અધ્યાપકોએ દાખલો બેસાડયો છે. વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસા જાગે અને કૌશલ્ય પ્રાપ્ત કરે તે માટે તેના માર્ગદર્શક અધ્યાપકો પણ પ્રવૃત રહે તે આજના સમયની અનિવાર્યતા છે. આ અધ્યાપકોની ટીમે આ ચેલેન્જ પણ સ્વીકારીને વિદ્યાર્થીઓ માટે આદર્શનું નિર્માણ કર્યુ છે. તેઓશ્રીએ કોલેજમાં ઉભી કરવામાં આવેલ અત્યાધુનિક શૈક્ષણિક સુવિધાઓનો લાભ ઉઠાવીને શ્રેષ્ઠ કારકિર્દીનું નિર્માણ કરવા વિદ્યાર્થીઓને આહવાન કર્યુ છે.

આત્મીય ગ્રુપના નિયામક ડો.જે.એન. શાહ અને પ્રિન્સીપાલ ડો.જી.ડી. આચાર્યએ પણ અધ્યાપકોની સફળતા માટે આનંદની લાગણી વ્યકત કરવાની સાથે કહ્યુ છે કે, આવા વિદ્વાન અધ્યાપકો પાસે અભ્યાસ કરવાની તક મળે તે વિદ્યાર્થીઓનું પણ સૌભાગ્ય છે. અધ્યાપકોની સાથે સાથે તેમના વિદ્યાર્થીઓ અભિનંદનના અધિકારી છે.

તસ્વીરમાં આત્મીય કોલેજના સર્વશ્રી નલીનભાઈ ઝવેરી, ડો.આશીષભાઈ કોઠારી, તુષાર મહેતા, નીતિનભાઈ આદ્રોજા અને ધવલભાઈ રાવલ નજરે પડે છે.(તસ્વીરઃ સંદિપ બગથરીયા)(૩-૧૮)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ રજા ઉપર જતા કાર્યકારીનો હવાલો મેડીકલ ફેકલ્ટીના ડીન ડો. કમલ ડોડીયાને અપાયો

અમુલ પ્રોડકટ્સનો સેલ્સમેન દેણું વધી જતાં વાહનચોર બની ગયોઃ પાંચ વાહનો ચોર્યાઃ ક્રાઇમ બ્રાંચે દબોચ્યો

ઓર્ડર લેવા નીકળતો ત્યારે ચાવી લાગેલા વાહનોમાંથી ચાવી ચોરી લઇ બાદમાં વાહન માલિક બીજી ચાવી મંગાવી ઘરે જાય ત્યારે તેનો પીછો કરી ઘર સુધી જઇ રેકી કરી નિરાંતે ઉઠાંતરી કરતો

રાજેશ બાળા અને રઘુવીરસિંહ વાળાની ચોક્કસ બાતમી

ચોરાઉ વાહન ગિરવે મુકી પૈસા મેળવતોઃ સગીર પણ ચોરીમાં સામેલ

રાજકોટ તા. ૧૧ઃ ક્રાઇમ બ્રાંચે પાંચ વાહનચોરીનો ભેદ ઉકેલી ભીસ્તીવાડના મુસ્લિમ શખ્સને અને તેને મદદ કરનાર સગીરને સકંજામાં લીધા છે. અમુલ પ્રોડકટનો સેલ્સમેન એવો આ શખ્સ દેણુ વધી જતાં ચોરીના રવાડે ચડ્યો હતો અને નવતર કિમીયો અજમાવી વાહનો ચોરી ગિરવે મુકી દેતો હતો.

પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત, જેસીપી ડી.એસ. ભટ્ટ, એસીપી ક્રાઇમ ડો. હર્ષદ પટેલ અને પી.આઇ. એચ.એમ. ગઢવીની રાહબરી હેઠળ પી.એસ.આઇ. કે. કે. જાડેજા, હેડકોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજા, રડાયાભાઇ, યુવરાજસિંહ ઝાલા, વિરદેવસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે સાથેના કોન્સ. રાજેશભાઇ બાળા અને રઘુવીરસિંહ વાળાને મળેલી ચોક્કસ બાતમી પરથી હનીફ હુશેનભાઇ જુણાચ (ઉ.૨૨-રહે. ભીસ્તીવાડ મસ્જીદ સામેની શેરી) તથા એક સગીરને વાલ્મિકી વાડી મેઇન રોડ પરથી નંબર વગરના એકસેસ સાથે અટકાવી પુછતાછ કરતાં બંનેએ મળી કુલ પાંચ વાહનો આઠ મહિનામાં ચોરી કયાનું કબુલ્યું હતું.

હંસરાજનગરમાંથી ૨૫ હજારનું બાઇક, લાલબહાદુર શાસ્ત્રી નગરમાંથી ૩૦ હજારનું એકટીવા, લક્ષ્મીવાડીમાંથી ૩૦ હજારનું એકટીવા, લક્ષ્મીવાડી-૨ માંથી ૩૫ હજારનુ એકટીવા અને સોજીત્રાનગરમાંથી ૨૫ હજારનું એકસેસ ચોરી કર્યાનું કબુલતાં રૂા. ૧,૪૫,૦૦૦ના વાહનો કબ્જે કરાયા છે.

ક્રાઇમ બ્રાંચ સુત્રોના કહેવા મુજબ પકડાયેલો શખ્સ હુશેન બજરંગવાડીમાં સર્કલ પાસે એવન ઈલેક્ટ્રોનિક્સ નામે ધંધો કરતો હતો. તેમાં ખોટ જતાં અમુલ પ્રોડક્ટસમાં સેલ્સમેન તરીકે નોકરીએ રહ્યો હતો. દેણું ઉતારવા તે સગીર મિત્રને સાથે રાખી વાહનો ચોરતો હતો. તે પ્રોડક્ટનો ઓર્ડર લેવા નીકળે ત્યારે જે વાહનમાં ચાવી લાગેલી હોઇ તે ચાવી કાઢી લેતો હતો. બાદમાં તે અને મિત્ર જે તે વાહનથી થોડે દૂર ઉભા રહી જતાં. વાહન માલિક ઘરેથી કે કોઇપણ રીતે બીજી ચાવી મંગાવી ઘરે જાય ત્યારે બંને મિત્રો પાછળ જતાં અને બાદમાં વાહન માલિકના ઘર પાસે ચાર-પાંચ દિવસ રેકી કરી બાદમાં ઘરમાં ઘુસી કે ઘર બહારથી વાહન ચોરી ભાગી જતાં. આ વાહન પરિચીતો પાસે ગિરવે મુકી પૈસા મેળવી લેતાં હતાં. તસ્વીરમાં પી.આઇ. એચ. એમ. ગઢવી, પી.એસ.આઇ. કે. કે. જાડેજા અને ટીમ, પકડાયેલો શખ્સ તથા વાહનો જોઇ શકાય છે. (૧૪.૧૧)

મધુવન ક્રેડીટ કો-ઓપ. સોસા.ની સામાન્ય સભા

રાજકોટ :શ્રી મધુવન ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. ની પાંચમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૩ને ગુરૂવારે સવારે ૧૧ કલાકે સોસાયટીનું કાર્યાલય ૨૦૩, આલાપ - બી, લીમડા ચોક ખાતે રાખેલ છે. નોટીસ બોર્ડ ઉપર રાખેલ એજન્ડા મુજબની કાર્યવાહી કરવા માટે મળશે જેમાં દરેક સભાસદોને હાજર રહેવા યાદીમાં જણાવાયું છે. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા ફરીને તે જ તારીખે અને સ્થળે અડધા કલાક બાદ મળશે. જેને કોરમનો બાધ નડશે નહીં. તેમ અંતમાં જણાવાયું છે.(૩૭.૫)

ત્રિકોણબાગ ખાતે બજરંગ દળ દ્વારા આતંકવાદના પૂતળાનું દહન

રાજકોટ : ગઈકાલે ત્રાસવાદીઓ દ્વારા જમ્મુ - કાશ્મીરમાં અંધાધૂંધ ફાયરીંગ કરી અમરનાથ યાત્રિકોને નિશાન બનાવ્યા હતા. ત્રાસવાદીઓની ફાયરીંગથી ૭ અમરનાથ યાત્રિકોના મોત થયા હતા. જેનો દેશભરમાંથી વિરોધ વંટોળ ઉઠી રહ્યો છે. દરમિયાન બજરંગ દળ દ્વારા આજે બપોરે ત્રિકોણ બાગ ખાતે ત્રાસવાદના પૂતળાનું દહન કર્યુ હતું. તે જોવા મળે છે. (તસ્વીર : સંદિપ બગથરીયા)(૩૭.૧૦)

ભારતમાં સૌ પ્રથમ અમદાવાદના યુવાન વંધ્યત્વ નિવારણ નિષ્ણાંત

ડો. પાર્થ બાવીશી યુરોપીયન મેડીકલ એસોસીએશન દ્વારા સોક્રેટીસ એવોર્ડ-રોઝ ઓફ પરસેલીયસથી સન્માનિત

ROSE OF PARACELSUS AWARD

રાજકોટ તા. ૧૧ :યુરોપીયન દેશોના ડોકટરોના એસોસીએશન યુરોપીયન મેડીકલ એસોસીએશન દ્વારા પોતાના દેશો તથા વિશ્વના દેશોના મેડીકલ ક્ષેત્રમાં સવિશેષ યોગદાન આપનાર અમુક પસંદગીના ડોકટરોને સોક્રેટીસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. ખાસ કરીને મેડિકલ સાયન્સમા માનવતાવાદી કાર્યો અને અતિશય પ્રસંશનીય કાર્ય કરનાર ડોકટરોને આ પ્રકારના એવોર્ડ આપવામાં આવે છે.

અમદાવાદના બાવીશી ફર્ટીલીટી ઈન્સ્ટીટયુટના ડાયરેકટર એવા ડો. પાર્થ બાવીશી જેઓ અમદાવાદ સાથે મુંબઇ,દિલ્હી, કલકતા અને સુરતમાં પણ બાવીશી ફર્ટીલીટી ઈન્ટીટયુશને માર્ગદર્શન પુરૂ પાડી પોતાની સેવાઓ આપેછે.

ખુબજ ટુંકા સમયમાં ડો.પાર્થ બાવીશીએ હજારો પેશન્ટોની સારવાર તેમજ આઇવીએફ ઓપરેશનો તેમજ અન્ય સંબંધીત દર્દોના ઈલાજ કરેલ છે. તેઓની કુશળતા આઈવીએફ ક્ષેત્રનો ઉંડા અભ્યાસને તબીબી ક્ષેત્ર અને પેશન્ટો દ્વારા વિશેષ સન્માન પ્રાપ્ત થયેલ છે

ડો.પાર્થ બાવીશું કાર્યક્ષેત્ર માત્ર સારવારસુધી સમિતિ નથી પરંતુ તેઓ નવીન ટેકનીક તેમજ ટેકનોલજી વિકાસવવામાં અને સંશોધન કરવામાં ડોકટરો કે વંધ્યત્વ નિવારણ સારવારમાંસંકળાયેલા તમામ લોકોને તાલીમ, જ્ઞાન અને માર્ગદર્શન આપવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. જેથી વિશ્વના ખુણેખુણે રહેલા વધુમાં વધુ નિઃસંતાન યુગલોના જીવનમાં સંતાન સુખ પહોંચાડી શકાય દરેક પોસાય તેવા ખર્ચમાં પણ સલામતી પૂર્વક આરામદાયક અને તેમ છતાં ઉતમ સફળતા પ્રાપ્ત થાય તેવી ટેકનોલોજી ટેકનીક અને પ્રોટોકોલનું સંશોધન અને અમલીકરણ કરવું એ એમની એક વિશેષ સિધ્ધી કહી શકાય.

સમાજ પાસેથી મેળવીએ તો તેના કરતા કંઇક વિશેષ પાછું આપવું એ ડો. પાર્થ બાવીસીનો જીવનનો મંત્ર છે. આથી તેઓએ વંધ્યત્વ નિવારણ ક્ષેત્રે ખૂબ જ મહત્વપૂર્ણ અને નોંધપાત્ર યોગદાન આપેલ છે, જેમાં ખૂબ જ વિશાળ જનજાગૃતિ અભિયાન, દર્દીઓને ઉપયોગી હજારો પુસ્તક અને પુસ્તીકાઓનું વિના મુલ્યે વિતરણ વિગેરે ઉપરાંત દર અઠવાડીયે લાઈવ ટીવી-શો ના માધ્યમથી નિઃસંતાન યુગલોને માર્ગદર્શન પુરૂ પાડે છે. જેમાં તેમના પ્રશ્નોના નિરાકરણ માટેની યોગ્ય સારવાર પણ સમજાવે છે.

પેશન્ટ સપોર્ટ ગ્રુપ નામના એક યુનિક વિચારને તેના ઉદયથી માંડીને તમામ પ્રવૃતિઓમાં પણ નિઃસ્વાર્થ ભાવે સતત મદદરૂપ થાય છે.

અમદાવાદના યુવાન ફર્ટીલીટી સ્પેશયાલીસ્ટ ડો. પાર્થ બાવીશી ભારતના અને ગુજરાતના પ્રથમ ડોકટર છે કે જેઓને યુરોપીયન મેડીકલ એસોસીએશને સોક્રેટીસ એવોર્ડ-રોઝ ઓફ પરસેલીયસ થી સન્માનીત કરેલ છે.(૦૦૦)(૬.૨૮)

સ્મિત પ્રતિક મહિલા મંડળ - જૈન ક્રિએટીવ મહિલા ગ્રુપ દ્વારા

૧૫મીએ ઈન્સ્ટન્ટ વાનગી સ્પર્ધા યોજાશે

કોઈપણ બહેનો ભાગ લઈ શકશે : વાનગી ઘરેથી લાવવી : નામ નોંધાવી દેવા

રાજકોટ, તા. ૧૧ : સ્મિત પ્રતિક મહિલા મંડળ તથા જૈન ક્રિએટીવ મહિલા ગ્રુપના સંયુકત ઉપક્રમે ઈન્સ્ટન્ટ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કોઈપણ બહેનો ભાગ લઈ શકશે.

મુંબઈની પ્રખ્યાત "તલોદ" કંપની જેનું નામ ગુજરાતમાં પણ ગુંજતુ છે તે કંપની દ્વારા "તલોદ"ના લોટમાંથી બનતી ઈન્સ્ટન્ટ વાનગી સ્પર્ધા રાખવામાં આવેલ છે. તલોદના જ લોટમાંથી જ વાનગી ઘરેથી બનાવીને લઈ આવવાની રહેશે સાથે ખાલી રેપર દરેક સ્પર્ધકે લાવવુ ફરજીયાત છે.

આ તલોદના લોટની વાનગી સ્પર્ધામાં મુંબઈના મેનેજર ઉચ્ચ હોદેદારો પણ હાજર રહેશે.

આ સ્પર્ધાને ચાર ચાંદ લગાવવા માટે ઈટીવી રસોઈ શોના કુકીંગ એકસપર્ટ પ્રીતિબેન ઠક્કર પણ તલોદના લોટમાંથી બે ફરસાણ અને સ્વીટનું ડેમોસ્ટ્રેશન આપશે. તલોદમાં ભાગ લેનાર સ્પર્ધાનાં વિજેતાને ગુલાબ બ્રાન્ડ તથા અનેક જુદી જુદી કંપની તરફથી વિજેતાને તેમજ દરેક સ્પર્ધકને કંપની તરફથી ઈનામ અપાશે. આ સાથે પ્રીતિબેન ઠક્કર નવી જ સ્ટાઈલથી હાઉઝી રમાડશે.

ભાગ લેવા ઈચ્છુક બહેનોએ પોતાના નામ તા. ૧૦ થી ૧૩ એમ ત્રણ દિવસ સુધીમાં લખાવી દેવાના રહેશે. ગેસ્ટ ચાર્જ રૂા. ૧૦૦ આપવાનો રહેશે. દરેકને અલ્પાહાર પણ અપાશે. લક્કી ડ્રો કંપની તરફથી રાખેલ છે.

સ્પર્ધાનું સ્થળ : ૧૧ - પંચનાથ પ્લોટ, ભગવાન ભૂવનવાડી, તા. ૧૫-૭ને શનિવાર, સમય : ૩:૪૫ થી ૭ વાગ્યા સુધી.

ભાગ લેનાર દરેક સ્પર્ધકે પોતાના નામ પ્રફુલાબેન મહેતા - ૯૪૨૮૮ ૯૦૨૭૭, જીજ્ઞાબેન વખારીયા - ૯૪૨૯૨ ૪૮૩૬૨, ઈન્દીરાબેન ઉદાણી - ૯૪૨૭૪ ૨૯૩૭૯ને નોંધાવી દેવા.

આયોજનને સફળ બનાવવા સ્મિત પ્રતિક મહિલા મંડળના પ્રમુખ પ્રફુલાબેન મહેતા, મંત્રી મીનાબેન વસા, એડવાઈઝર - બિન્દુબેન મહેતા, કમીટી મેમ્બરો ઈન્દીરાબેન ઉદાણી, જીજ્ઞા વખારીયા અને કલ્પનાબેન પારેખ જહેમત ઉઠાવી રહ્યા છે.(૩૭.૭)

ઢોર ડબ્બામાંથી પશુઓ ગુમ થવા મામલે પગલા નહી લેવાય તો ઉપવાસ આંદોલન

ઘટનાના ૭૬૫ દિવસ બાદ પણ તંત્રનુ મૌનઃ અલ્તાફ ચિચોદરા

રાજકોટ તા. ૧૧ :મ્યુ.કોર્પોરેશનના ઢોર ઢબ્બામાંથી પશુઓ કતલખાને મોકલી દેવાતા હોવાના આક્ષેપ સાથે જીવદયા પ્રેમી અલ્તાફ ચિચોદરાએ આ મુદ્દે જવાબદારો સામે પગલા નહી લેવાય તો ૧૭મી જુલાઈએ મ્યુ.કમિશ્નર કચેરી સામે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

આ અંગે અલ્તાફ ચિચોદરાએ મ્યુ.કમિશ્નરશ્રીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે કે ૬ મે ૨૦૧૫ ના રોજ ઢોર ઢબ્બામાં ગણતરી રજીસ્ટ્રારમાં ૨૯૨ ઢોર ગુમ થયાનું બહાર આવ્યું હતું જેની વિજીલન્સ તાસ થઈ છે પરંતુ ઘટનાના ૭૬૫ દિવસ બાદ પણ ભાજપ કોંગ્રેસના પદાધિકારીઓ આ પ્રકણરમાં મૌનધારણ કરીને બેઠા છે.

આથી હવે આ પ્રકરણમાં જવાબદારો સામે પગલા નહી લેવાયતો આગામી તા.૧૭ જુલાઈએ મ્યુ.કોર્પોરેશન કચેરી ખાતે ઉપવાસ આંદોલન કરાશે. તેવી ચીમકી આવેદનના અંતે ઉચ્ચારાઈ છે.(૬.૨૭)

ચાલતા યંત્રે

ટેક્સટાઈલ વેપારીઓનું આંદોલન યથાવત ચાલુ : સરકાર સાથેની મંત્રણા નિષ્ફળ : કોર કમિટીએ સરકારની વાત ફગાવી દીધી : કાલે રેલી યોજવા અમદાવાદ પોલીસની મંજૂરી માંગી : જ્યાં સુધી માંગ સંતોષાશે નહિં, ત્યાં સુધી આંદોલન ચાલુ : વેપારીઓ મક્કમ

જામજોધપુરના ફુલેકા પ્રકરણે ૨૭ લાખનો જીરાનો જથ્થો કબ્જેઃ દરેડ પાસે ગોડાઉનમાં સંઘરી રાખ્યો'તો

માધવ એન્ટરપ્રાઇઝના સંચાલક ભગવાનજી ખિરસરીયા અને પુત્ર વિકાસે યાર્ડના અનેક વેપારીઓ પાસેથી માલ લઇ ધુંબો મારી દીધો'તો

નાની ખોડીયાર ગામના કાઠી યુવાનના હત્યાના આરોપી એક મહિનો થયો નહી ઝડપાતા ઉપવાસ

મેંદરડા પોલીસ સ્ટેશન સુધી નિકળેલ રેલીઃ રાણીંગભાઇ બાબરીયાને અનેક લોકોનો ટેકો

સવારે જૂનાગઢમાં ટ્રેન હડફેટે આઇટીઆઇના વિદ્યાર્થી નીરવ કિશોરભાઇ પરમાર નું મોત

મૃતક પગપાળા ગણેશજીના દર્શને જતો'તો

જુનાગઢ વન વિભાગના સસ્પેન્ડેડ પરસોતમ પરમાર અને નિવૃત મેરામણ દાસાની શોધખોળ

બોગસ બિલો બનાવીને રૂા.૧.૭૬ કરોડ કટકટાવી લીધા

ગોંડલઃ વોટર વર્કસ કમિટિના ચેરમેનના આશાસ્પદ યુવાન પુત્રના આપઘાતથી અરેરાટી

પશુ-પક્ષી પ્રેમી સત્યજીત ડાભીના મોતથી ડાભી પરિવાર અને કોળી સમાજમાં શોકનું મોજુ

ગોકુલમેં કરે નિવાસ, ગોપીઓ સંગ રચાયે રાસ, દેવકી-યશોદા હૈ જીસકી મૈયા, ઐસે હી હમારે કૃષ્ણ કનૈયા...

જય કનૈયાલાલ કી..કાલે રાત્રે યાજ્ઞિક રોડ પર જન્માષ્ટમી કાર્યાલય ઉદ્‌ઘાટન

રાજકોટ, તા. ૧૧ :. શહેરમાં છેલ્લા ૩૧ વર્ષથી અલગ અલગ થીમ અને પ્રેરક સૂત્રો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી શોભાયાત્રા ખૂબ રંગે-ચંગે ઉજવવામાં આવે છે. સળંગ ૩૨માં વર્ષે પણ ભવ્ય રીતે જન્માષ્ટમી નિમિતે અનેકવિધ કાર્યક્રમો અને દર્શનીય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવશે.

જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત શરૂ કરી દેવામાં આવી છે. આ તબક્કે જન્માષ્ટમી મહોત્સવ સમિતિનું કાર્યાલય આવતીકાલે બુધવારે શુભારંભ કરવામાં આવનાર છે.

શહેરના હાર્દસમા વિસ્તાર ડો. યાજ્ઞિક રોડ ખાતે ધનરજની કોમ્પલેક્ષમાં રાત્રે ૮ કલાકે કાર્યાલય ઉદઘાટન તેમજ શુભારંભ કરવામાં આવનાર છે. જેમા મુખ્ય વકતા અને ઉદઘાટક તરીકે શ્રી અપૂર્વમુનિ સ્વામિ રહેશે. કાર્યાલયના ઉદઘાટનમાં અનેક સાધુ, સંતો, મહંતો, સામાજીક, ધાર્મિક સંસ્થાના હોદેદારો ગત વર્ષની જન્માષ્ટમીના ફલોટ સુશોભન અને લતા સુશોભનના વિજેતા મંડળો અને ધર્મપ્રેમી જનતા તથા તમામ હિન્દુ સમાજના આગેવાનોની હાજરીમાં કાર્યાલયનો પ્રારંભ થશે.

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિના સર્વે હોદેદારો દ્વારા રાજકોટના તમામ યુવક મંડળ, સામાજીક મંડળ, ધાર્મિક સંસ્થા, મંડળના શ્રેષ્ઠીઓ, તમામ જ્ઞાતિ, સમાજના આગેવાનો, ટ્રાન્સપોર્ટર ભાઈઓ, હિન્દુ ધર્મપ્રેમીઓ, શુભચિંતકો, હિતેચ્છુઓને જન્માષ્ટમી મહોત્સવ સમિતિ કાર્યાલય - ૨૦૧૭ના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે. ટૂંક સમયમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. (૨-૧૪)

જન્માષ્ટમી નિમિતના કાર્યક્રમો જાહેરઃ ૨૨મીએ રાત્રે ૯ વાગ્યે કાર્યાલય ખાતે વિવિધ મંડળો, સંસ્થાઓની બેઠકઃ તા. ૨૬મીએ સાંજે ૭ વાગ્યે તાવાપ્રસાદ અને ઈનામ વિતરણઃ તા. ૩૦મીએ બાળકો માટે રંગપૂરણી સ્પર્ધાઃ ૨ ઓગષ્ટે હેમુ ગઢવી હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમઃ ૬ ઓગષ્ટે રવિવારે ગોપી કિશન સ્પર્ધાઃ તા. ૭મીએ રક્ષાબંધન નિમિતે દુર્ગાવાહિનીનો કાર્યક્રમઃ તા. ૧૦મીએ મંડળો અને લતા સુશોભનમાં ભાગ લેતી સંસ્થાઓની બેઠકઃ તા. ૧૪મીએ ત્રિશુલ દિક્ષાઃ તા. ૧૫ ઓગષ્ટે મંગળવારે જન્માષ્ટમીના દિવસે સવારે ૮ કલાકે મવડી ચોકડીએ ધર્મસભા અને ત્યાર બાદ ધર્મયાત્રાનું પ્રસ્થાન